આઠમે બિન્દાસ્ત બનેલા શકુનીઓ ઝડપાયા : લાખોનો મુદ્દામાલ કબજે

ખેતરો, રહેણાંક સહિત ખુલ્લામાં બાજી માંડી બેઠેલા જુગારીઓને પોલીસે રંગેહાથ ઝડપ્યા

ગાંધીનગર, તા. ૧

ભગવાનશ્રી કૃષ્ણના જન્મ પર્વ કૃષ્ણ જન્માષ્ટમીને કેટલાક જુગારીયાએ પોતાના મોજ શોખ માટે બદનામ કરી નાખ્યો છે. જન્માષ્ટમી પર્વે ગાંધીનગર જિલ્લામાં જાણે કે જુગારની મોસમ ખીલી છે ત્યારે પોલીસે પણ જુગારીયાઓને રંગેહાથ ઝડપવા માટે એક મુહીમ ચલાવી ઠેર-ઠેર ધમધમતા જુગારધામો પર દરોડા પાડી એક જ દિવસે ચિલોડા સેક્ટર-૨૧ અને સેક્ટર-૭ પોલીસે અલગ-અલગ જગ્યાએથી ૫૪ જુગારીઓને ઝડપી પાડી રૂ. ૮,૬૭,૭૦૦ થી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ વિરૂદ્ધ અલગ અલગ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ચિલોડા પોલીસ મથકના પી.આઈ. બી.સી.ઠક્કરને ખાનગી રાહે બાતમી મળી હતી કે ગાંધીનગર જિલ્લાના છાલા ગામ, જાખોરા અને ઈસનપુર મોટા ગામે જુદી જુદી ૩ જગ્યાએ મોટા પ્રમાણમાં કેટલાક જુગારીયાઓ તીન પત્તીનો જુગાર રમી રહ્યા છે અને સાતમ આઠમની મજા માણી રહ્યા છે જે બાતમીના આધારે પી.આઈ. ઠક્કરની સૂચનાના આધારે પોલીસ કર્મીઓએ અલગ-અલગ પાંચ ટીમો બનાવી જુગાર ધામો પર દરોડા પાડ્યા હતા. ચિલોડા પોલીસે ગતરોજ ઈસનપુર મોટા ગામે ૩ જુદા જુદા સ્થળોએ રેડ કરી ભીખાજી આત્મારામ ઠાકોર, તેજેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ બિહોલા, ભરતજી આકુજી ઠાકોર, બાબરજી સોમાજી ઠાકોર, હોથાજી ગાંડાજી ઠાકોર, કરણજી ઉર્ફે મોરબી મફાજી બિહોલા, દિલીપભાઈ રામાભાઈ પટેલ, મુકેશ ગોવિંદભાઈ પટેલ, દિપુસિંહ તખુસિંહ પરમાર, કમલેશ ચંદ્રકાન્તભાઈ પટેલ, બંસીભાઈ ચંદુભાઈ પ્રજાપતિ, કાન્તીભાઈ ભીખાજી ઠાકોર, પંકજભાઈ રમણભાઈ પટેલ, પ્રકાશભાઈ મહેશભાઈ પટેલ, ચંદ્રકાન્તભાઈ રામભાઈ પટેલ અને મનુજી ચંદુજી ઠાકોર તમામ રહે. ઈસનપુર મોટા)ને પાના પત્તાનો જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી રોકડ રકમ, મોબાઈલ, બાઈક અને કાર મળી કુલ રૂ. ૩,૫૯,૧૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બાદમાં ચિલોડા પોલીસની અન્ય બે ટીમોએ છાલા કાનપુર રોડ ઠાકોર વાસ તથા જાખોરા ગામ ખાતે પણ દરોડો પાડી છાલા ગામના જ જશુભાઈ પ્રજાપતિ, સલીમમીયા મલેક, મુકેશભાઈ નારણભાઈ બારોટ, ખોડાજી કાળાજી ઠાકોર, લાલાભાઈ પ્રજાપતિ, હસમુખભાઈ નટવરભાઈ પ્રજાપતિ, સાબીરમીયા અયુબમીયા સૈયદ, કાળાભાઈ ત્રિકમભાઈ રાવળ, વારીસમીયા જાગીરમીયા મલેક, રમેશાઈ બાબુભાઈ ઠાકોર (તમામ રહે. છાલા) તથા જાખોરા ગામના બળદેવજી મફાજી ઠાકોર, અશોકજી જશાજી ઠાકોર, ચેતનભાઈ સોમાભાઈ સેનવા, દિલિપજી બાબુજી ઠાકોર, સંજય મનુજી ઠાકોર, વિનોદજી ખાતુજી ઠાકોર અને સવસંગજી શિવાજી ઠાકોરને પકડી તેમની પાસેથી કુલ ૫૭૧૩૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આમ ચિલોડા પોલીસે એક દિવસમાં ૫ જુદા જુદા સ્થળે રેડ કરી ભારે સપાટો બોલાવ્યા હતો અને કુલ ૩૪ જુગારીયા સાથે રોકડ, મોબાઈલ, બાઈક અને કાર મળી કુલ રૂ. ૪,૧૬,૨૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ ઉપરાંત ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસમથકની ટીમે ગત મોડી સાંજે વાવોલ ગામ સ્થિત હરિનગર સોસાયટીની સામેના ભાગે ખુલ્લામાં જુગાર રમતા ગામના જ મયુર દીપાજી ઠાકોર, કાન્તીજી કુબેરજી ઠાકોર, કિશોરજી પુજાજી ઠાકોર, બજરંગ ભાનુજી ઠાકોર, મનોજ સેથાજી ઠાકોર, અરવિંદ મંગાજી ઠાકોર અને અમરતજી જોરાજી ઠાકોરને કુલ રૂ. ૧૧,૭૫૦ના મુદ્દામાલ સાથે તેમજ અન્ય એક હળમતિયા ગામે મધુ પટેલના બોર કુવા પર મોટા પાયે ધમધમતા જુગારના ધામે પોલીસે આવી રંગમાં ભંગ પાડ્યો હતો. પાના પત્તાથી તીન પત્તીનો જુગાર રમતા સતીષ આત્મારામ પ્રજાપતિ (રહે. કુડાસણ), જીગ્નેશ દશરથભાઈ સુથાર (સુઘડ), પંકજ બળદેવભાઈ પટેલ (કુડાસણ), સંદિપ રઘુ પટેલ (રહે. સે. ૨), મહેન્દ્રભાઈ વનરાજભાઈ પઢેરીયા, વિજય પોપટભાઈ પટેલને ઝડપી પાડી તેમની પાસેથી બે કાર મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ ૪.૨૫ લાખની મત્તા કબજે કરી હતી અને તમામ વિરૂદ્ધ સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉપરાંત સેક્ટર-૨૧ પોલીસે પણ જુગારીયાઓ પર તવાઈ લાવી સેક્ટર-૨૪ ના અંબાજી ચોક વિસ્તારમાં જુગાર રમતા જગુભાઈ અમરતભાઈ સોલંકી (રહે. સે. ૨૪ સત્યમ ફ્લેટ), રાજેન્દ્ર આત્મારામ પટેલ (રહે. સે. ૨૪ ડબલડેકર ફે.નં. ૪૬૨), સંજયકુમાર પ્રવિણભાઈ રામી (રહે. સે. ૨૭), દેવસી ભીખા પાટકીયા (રહે. સે. ૨૪, શ્રીનગર સોસાયટી) અને કેયુર પ્રવિણભાઈ રામી (રહે. સે. ૨૭)ને પણ જુગાર સાહિત્ય સાથે ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી કુલ રૂ. ૧૪,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગાંધીનગર જિલ્લાના ચિલોડા પોલીસે ૫ સ્થળોએ રેડ કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જ્યારે સેક્ટર-૭ પોલીસે બે કેસોમાં ૧૩ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે અને સે. ૨૧ પોલીસે એક કેસમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આમ જિલ્લાના જુદા જુદા ત્રણ પોલીસમથકોના પોલીસકર્મીઓએ સાતમ આઠમનો જુગાર ટીચતા જુગારીયાઓના રંગમાં ભંગ કરી સપાટો બોલાવી દીધો છે અને જુગારી તત્વોમાં ફફડાટ ફેલાવ્યો છે.

વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

મગનભાઈ સ. પટેલ
(૧૯૪૧) ફોન : ૨૩૨ ૨૬૭૯૫

રમણલાલ શાંતિલાલ ઠક્કર
(૧૯૩૭) ફોન : ૨૩૨ ૨૯૭૦૨

આજે જલારામ મંદિરે ચામડીના રોગોનો નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

જલારામ સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરના ઉપક્રમે સુરેન્દ્રનગરના તબીબ ડૉ. એ.એસ. સોની દ્વારા આજે તા.૧૨મી ઓગષ્ટ ૨૦૧૨ને રવિવારે સેકટર-૨૯ના જલારામના મંદિર ખાતે સવારે ૧૧ થી ૪ દરમિયાન ચામડીના તમામ પ્રકારના રોગોનો નિદાન કેમ્પ યોજાશે. સુરેન્દ્રનગરના નિષ્ણાત તબીબ ડૉ. એ.એસ. સોનીના સહયોગથી જલારામ મંદિર સે. ૨૯, ગાંધીનગર ખાતે ચામડાના તમામ પ્રકારના રોગોનું આયુર્વેદિક પદ્ધતિએ નિદાનકરી રાહત દરે દવાઓનું વિતરણ કરવામાં આવશે. ચામડીના દર્દીઓને નિદાન કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

આજે ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક મળશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક આજે તા.૧૨મી ઓગષ્ટ ૨૦૧૨ને રવિવારે સાંજે ૫.૩૦ કલાકે સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ હોલ, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ગાંધીનગર ખાતે મળશે.

સભાની બેઠકમાં સર્જકોદ્વારા સ્વ રચિત લઘુલેખનું વાંચન કરવામાં આવશે. તેમાં રસ ધરાવતા સૌ લેખકો, કવિઓ અને ભાવકોને મંત્રી નટવર હેડાઉ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કાળા નાણાં અને ભ્રષ્ટાચારના વિરોધમાં દિલ્હી ખાતે ઉપવાસ-અનશન પર બઠેલા યોગ ગુરૂ પૂ. રામદેવજી મહારાજના સમર્થનમાં ઘ-૩ ખાતે અનશન અને કેન્ડલ માર્ચ કાર્યક્રમનું આયોજન ભારત સ્વાભિમાન-ગુજરાત, ગાંધીનગર જિલ્લા દ્વારા કરવામાં આવ્યું છે. ઉપવાસ-અનશનના પ્રથમ દિવસે સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળના પ્રમુખ જીલુભા ધાધલ, ભારત સ્વાભિમાનના જિલ્લા પ્રભારી રમેશભાઈ ભેંસાણીયા મંડલ પ્રભારી અનિલભાઈ જોશી, યુવા ભારતના જિલ્લા પ્રભારી બીપીનભાઈ પટેલ, ખજાનચી પ્રદિપભાઈ ત્રિવેદી, નટુભાઈ પોરીયા, પ્રતાપસિંહ ઠાકોર, કૌશિકભાઈ ભટ્ટ, વિજયભાઈ તન્ના, ક્રિપાલસિંહ રાણા અને શીરીષભાઈ વર્મા જોડાયા હતા. સાંજે કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં મ.સા. પદ્મસાગર સૂરીશ્વરનું પ્રવચન યોજાશે

ગાંધીનગર જિલ્લાના કોબા ગામે આવેલા શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં આજે તા.૧૨મી ઓગષ્ટ ૨૦૧૨ને રવિવારે બપોરે ૩.૩૦ થી ૫ કલાક દરમિયાન પ.પૂ. રાષ્ટ્ર સંત પદ્મસાગર સૂરીશ્વરનું પ્રવચન યોજાશે. રવિવારીય શિક્ષાપ્રદ શિબિરની પ્રવચન શૃંખલા અંતર્ગત આજે પ.પૂ. રાષ્ટ્રસંત આચાર્ય પદ્મસાગર સુરીશ્વર મ.સા.નું 'અનાદિકાલીન જીવનયાત્રા કા ઈતિહાસ' વિષય ઉપર પ્રેરણાદાયી સાતમું પ્રવચન યોજાશે.

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ અંગે નિરંજન પંડયાની સ્પષ્ટતા

ગાંધીનગરના અગ્રણી શ્રી નિરંજન પંડયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગરના મુખ્ય સલાહકાર તરીકે હાલમાં તે પોતે કાર્યરત નથી. નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગરના મુખ્ય સલાહકાર તરીકે રણછોડભાઈ મગનભાઈ રાણા ફરજ બજાવી રહ્યા છે.

આજે કબીરની વિચારધારા પર વ્યાખ્યાન યોજાશે

ગૂર્જર ભારતી અને સરકારી જિલ્લા પુસ્તકાલયના સંયુકત ઉપક્રમે બી.એચ.યું. વારાણસીના હિન્દી વિભાગના પ્રોફેસર અને વિવેચક ડૉ. સદાનંદ શાહીનું 'સમકાલીન સમાજ અને કબીરની વિચારધારા' વિષય પર આજે સાંજે ૫.૩૦ કલાકે જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે વ્યાખ્યાન યોજાશે. જેનો સૌ સાહિત્યરસિકોને લાભ લેવા જણાવાયું છે.

બાલા હનુમાનજી મંદિરે બરફના શિવલીંગનું આયોજન

શ્રાવણ માસના છેલ્લા સોમવારે એટલે કે આવતીકાલે તા. ૧ ઉમી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ બાલા હનુમાનજી મંદિર દ્વારા બરફના શિવલીંગનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. બાલા હનુમાનજી મંદિર તરફથી સર્વે ભકતોને બિલીપત્ર, પંચામૃત, બરફના શિવલીંગને અભિષેક કરવા વિના મુલ્યે આપવામાં આવશે. રાત્રે ૭.૩૦ કલાકે બાલા હનુમાનજી મંદિરના બરફના શિવલીંગની મહાઆરતી ઉતારવામાં આવશે.

યુવાનને જીવતો સળગાવવાના પ્રયાસને પગલે પાલનપુરમાં તંગદીલી

પાલનપુર નજીક બાલારામ ખાતે એક યુવાનને લેણદેણના મામલે જીવતા સળગાવવાના પ્રયાસથી સમગ્ર પાલનપુર પંથકમાં તંગદીલી પ્રસરી ગઈ છે.

શનિવારે મોડી સાંજે બાલારામ પાસેથી ઘટનાના સમાચાર પાલનપુર શહેરમાં પ્રસરતા બંને કોમો વચ્ચે ભારે તંગદીલી વર્તાતી હતી. કેટલાક વિસ્તારમાં પથ્થરમારાના બનાવો પણ નોંધાયા છે. પોલીસ પેટ્રોલીંગ ઘનિષ્ઠ બનાવાયું છે.

ડભોડીયા હનુમાનજીના મંદિરે જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરી

ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીના ભાગરૂપે પરંપરા મુજબ ડભોડા હનુમાનજીના મંદિરે દર્શનાર્થીઓ તથા ભકતજનોનો માનવ મહેરામણ ઉમટી પડતાં હર્ષો ઉલ્લાસભેર પધારી હનુમાનજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ મંદિર જિલ્લામાં યાત્રાધામ તરીકે સુપ્રસિધ્ધ સાથે ઐતિહાસિક મહિમાથી ભકતજનો પ્રવાહ અવિરતપણે આવતાં ભવ્ય લોકમેળો જામ્યો હતો. સવારથી ભકતજનોની ભારે ભીડ જામી હતી. હનુમાનજીના પ્રાંગણમાં ભકતજનોએ અર્ચના-પૂજા કરી લોકમેળાનો આસ્વાદ મોજ-મજા માણી જન્મોત્સવ ઉજવણી કરવા સહભાગી બન્યા હતાં. મંદિર તંત્ર દ્વારા દર્શનાર્થીઓને સહેલાઈથી દર્શન થઈ શકે તેવી સુચ્યવસ્થા કરવામાં આવી હતી.

થિયેટર બનાવવાની .. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાથી અહીં ટીકીટ શૉ ન થાય માટે થિયેટર પણ અહીં ન જ બનાવાય. હિન્દી અને તેલુગુ સહિત ૨૦૦ થી વધુ ફિલ્મોમાં અભિનયનો જાદુ પાથરી લોકચાહના મેળવનાર પરેશ રાવલ ગાંધીનગર જિલ્લાના પલિયડ ગામના વતની છે. ફિલ્મ જગતમાં મોટા પડદે કોમેડીયન, વિલન તેમજ સપોર્ટીંગ એક્ટરના રોલમાં 'ટચી કેરેક્ટર' તરીકે ઉભરતા પરેશ રાવલના મતે નાટકની વ્યાખ્યા કાંઈક અલગ છે. જે જોઈ પડદો પડે અને તમારા મનનો પડદો ખૂલે તેનુ નામ નાટક. નાટક મનોરંજનની સાથે સમાજને ઉમદા મેસેજ અને પ્રેરણા આપતુ પણ હોવુ જોઈએ તેમ પણ તેમણે કહ્યું હતું. ડીયર ફાધરમાં પણ જનરેશન ગેપને અનુલક્ષી પિતાનું મહત્વ સમજાવવાનો વિષય મુખ્ય છે. ફિલ્મીદુનિયા અંગે તેમણે વાત કરતા જણાવ્યું હતુ કે કોઈપણ ફિલ્મની સફળતા અને નિષ્ફળતા પાછળ ટીમવર્ક જવાબદાર હોય છે. ફિલ્મમાં કેમેરો બધુ લઈ જાય છે જ્યારે નાટકની વાત કાંઈક જુદી છે. જેમાં પળે-પળે બધુ બદલાય છે. સતત લેવડ-દેવડ સાથે પ્રક્રીયા ચાલતી હોય છે. આગવી અભિનય ક્ષમતાથી નેશનલ અને આઈફા સહિતના એવોર્ડ વિનર ગુજ્જુ પરેશભાઈએ ગુજરાતી ફિલ્મો અંગે જણાવ્યું હતું કે અમુક વર્ગને કેન્દ્રિત રાખી ફિલ્મો બનતી હોવાથી ચાલતી નથી.

શબ્દાવલી - ૪૮૧૪

૧	૨	૩	૪		■	૫	૬
૭				■	૮		
૯			■	૧૦			
૧૧		■	૧૨		■	■	■
■	■	■	૧૩			૧૪	૧૫
૧૬	૧૭	૧૮	■		■	૧૯	
૨૦			૨૧		■	૨૨	
૨૩		■		■	૨૪		

આડી ચાવી

૧. કોઈને ઉપાડી જઈને બાનમાં રાખવું તે (૫)
૫. કામ કર્યા પછી પોતાના માટે સારૂં બોલાય તે (૨)
૭. આઢું મલકવું તે (૪)
૮. ધિક્કાર (૩)
૯. નકારવું તે (૩)
૧૦. ખોટા ખોટા વખાણ કરવા તે (૪)
૧૧. બે અક્ષરના આ શબ્દ આગળ 'ત' મુકતા અનો અર્થ ચોર થાય (૨)
૧૨. મનાઈ કરવી તે (૨)
૧૩. સમજાવવું તે (૫)
૧૬. સોનું, કનક (૩)
૧૯. મહેંદી, એક ફિલ્મ (૨)
૨૦. દામદુપટ (૫)
૨૨. બોરીયુ કે ભુતાન (૩)

ઊભી ચાવી

૧. વિચાર રહિત, ગાલેફ (૪)
૨. પલક ઝપકાવવી તે (૪)
૩. હા માં જવાબ આપવો (૩)
૪. રટણ કરવું તે (૨)
૫. જન્મ (૩)
૬. અવિરત (૩)
૮. એક પોશાક (૨)
૧૦. ખુનરેજી, કાપાકાપી (૫)
૧૨. પુષ્કળ, મોટુ (૨)
૧૪. કારોબાર, બંધોબસ્ત (૪)
૧૫. ખુબ સરસ છે નો ભાવ બતાવવા ઘણા... શબ્દ બોલે છે (૪)
૧૬. ભારતીય વિમાનનું અપહરણકરી... માં રખઆયું હતું તે દેશ (૩)
૧૭. છેતરવું, ...દેવો (૩)
૧૮. 'ધન' શબ્દ ઊંધો (૨)

શબ્દાવલી ૪૮૧૩ના જવાબ

આડી ચાવી :- (૧) શકરોબાજ (૫) પગી (૭) ફરિયાદ (૯) કોલ (૧૧) લીમીટ (૧૩) શબરી (૧૪) મિલન (૧૬) ડઝન (૧૮) મજીયારૂં (૧૯) બકવાટ (૨૦) કુકર (૨૧) રઘવાટ

ઊભી ચાવી :- (૧) શબ્દકોશ (૨) રોફ (૩) બારીક (૪) જયા (૬) ગીલેટ (૮) દલીલબાજી (૧૦) લબકઝબક (૧૨) મીન (૧૫) કોરૂકટ (૧૭) નકર (૧૮) મટર

સમાચાર ઝલક

- સિયાચીન જટીલ પ્રશ્ને કોઈ પણ સર્વસમંતિ સધાઇ નથી : એ.કે.એન્ટોની.
- પાકિસ્તાનની આવેલ બાળકીનું કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં કાર્ડિયાક સેન્ટરમાં હૃદયનું સફળ ઓપરેશન.
- દરેક હાથમાં મોબાઇલ યોજના હેઠળ બી.પી.એલ. પરિવારને મળશે મોબાઇલ, ૭૦૦ કરોડની યોજના, સ્વાતંત્ર્યદિને થનારી જાહેરાત.
- ભારતના યુવાનોમાં કેન્સરનાં કેસોમાં વધારો છતાં સારવારની સુવિધા અપુરતી.
- જી.ટી.યુ.ની એમ.બી.એ. - એમ.સી.એમાં ચેતવણી ઓરીજનલ ડોક્યુમેન્ટરી નહીં આપનાર કોલેજોને ચેતવણી.
- નર્મદા બંધ ઓવર ફ્લો થતાં ગુજરાતના તળાવો, નહેરોમાં પાણી ભરાવાની શરૂઆત. લોકોમાં રાહત.
- ઓલમ્પિક ગેમ્સ વિલેજમાંથી કેમરૂનનાં સાત ખેલાડી ગૂમ.
- નવરાત્રિ-રાષ્ટ્રીય પર્વ સહિત ૧૫ દિવસ રાત્રે ૧૨ વાગ્યા સુધી માઇક વગાડવાની છૂટ.
- સ્વાતંત્ર્ય પર્વની રાજય કક્ષાની ઉજવણી માટે જૂનાગઢમાં તડામાર તૈયારીઓ.
- આંધ્રમાં પોલીસકર્મીની પત્નીઓ સરકાર સામે જંગે ચઢી, રજા કેમ મંજૂર કરતા નથી? કામનાં વધુ પડતાં ભારણનાં કારણે.
- મધ્યપ્રદેશ-કેરળમાં ભારે વરસાદ પુરપ્રકોપ, અનેક ગામડાં જળબંબાકાર.
- શનિવારે મોરબીના ગોઝારા મચ્છુ જળ હોનારતની ઘટનાને ૩૨ વર્ષ પૂર્ણ, ૩૩મી વરસી.
- ભ્રષ્ટાચાર-કાળા નાણાં સામે રામદેવજીનો ફરી જંગ, રામલીલા મેદાનમાં અનશન.
- કે.સી.બી. તા.૭ સપ્ટેમ્બરથી ફિલ્મી શહેનશાહ અમિતાભ બચ્ચન પ્રારંભ કરાવશે.
- હવે હીટવેવનો સામનો કરવા તૈયાર રહેજો : નાસાના વૈજ્ઞાનિકોની આગાહી.
- તા. ૨૪મી ઓગષ્ટે મોદી લાઇવ ગુગલ હેટ આઉટ પર.
- કાદાઘન, ભ્રષ્ટાચાર માટે સરકાર પર દબાણ કરવા રામદેવની અપીલ.
- દિલ્હીમાં ૪૦ લાખ રૂપિયાની પેટ્રોલપંપ પર લૂટ તથા ગોળીબાર.
- મુંબઇની લોકલ ગાડીઓમાં આરામદાયક પ્રવાસ બનશે.
- અમદાવાદ એરપોર્ટ પર તમામ સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરાયા.
- આશ્રમ રોડ પર આવેલા રેસ્ટોરેન્ટ મિર્ચ મસાલામાં આગ લાગી.
- ઉપરાષ્ટ્રપતિ હમિદ મહંમદ અન્સારીની શપથવિધિ થઇ.
- દેશની હાલત સારી નથી : અરૂણ જેટલી.
- સહયોગીઓનાં દબાણમાં અન્ના હજારે.
- સરદાર બ્રીજ પરથી બે યુવાનોએ મોતની છલાંગ લગાવી તેમાંથી એકનું મોત.
- હિમાચલમાં બસ દુર્ઘટનામાં ૫૧નાં મોત, ખાઇમાં બસ ગબડી પડી.
- રામલીલા મેદાન પર રામદેવના ઉપવાસી મંડપમાં વરસાદી તોફાન, નુકશાન.
- ઓલમ્પિકમાં આખરી હોકી મેચમાં પણ ભારતીય ટીમ પરાજીત થઇ.
- દેશભરમાં ઉલ્લાસપૂર્વક જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવાયો.

દૂધ આયાત કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તૈયારી દર્શાવી છે તે એક સૌથી શ્રેષ્ઠ નિશાની છે. તેમણે જણાવ્યું હતું કે દૂધની વધતી જતી માંગ એ મોટો પડકાર છે અને તેને સૌના સહયોગથી પાર પાડવામાં આવશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો.

શ્રી રાણાએ જણાવ્યું હતું કે ૨૫ જેટલા પાર્લરો શરૂ કર્યા બાદ મધુરે તેના માર્કેટીંગનો પ્રારંભ કર્યો હતો. હાલ ૩૦ જેટલા પાર્લરો ચાલે છે. મધુરનું માર્કેટીંગ નેટવર્ક હજુ સુદૃઢ બનાવવા માટે આગામી દિવસોમાં વધુ મહત્વના પગલાંઓ લેવામાં આવશે તેવો સંકેત પણ તેમણે આપ્યો હતો. તેમણે જણાવ્યું કે ડેરીની કચેરી નજીક તેમજ વાસણિયા મહાદેવ નજીક આધુનિક નાસ્તાઘર બનાવવામાં આવશે. જેમાં સેન્ડવીચ, પીઝા, બ્રેડબટર સહિતના ફૂડ ઉપલબ્ધ બનાવવામાં આવશે.

શ્રી રાણાએ એવો પણ નિર્દેશ આપ્યો હતો કે આગામી દિવસોમાં મધુર બ્રાન્ડની ચોકલેટનું ઉત્પાદન કરવાની વાત પણ વિચારાધીન છે. તેમણે જણાવ્યું હતું કે મધુર ડેરી એટલે વિશ્વાસનું પ્રતીક છે અને અમે તેને વધુ મજબુત બનાવવાના તમામ પ્રયાસો અમારી આ નવી ટર્મ દરમિયાન કરીશું.

તેમણે જણાવ્યું હતું કે મધુર ડેરીએ પશુપાલકોના હિતમાં ફેટના ભાવ વધારી દીધા છે એટલું જ નહિ આ તહેવારો પૂર્વે રૂ. ૧૩ કરોડની જંગી રકમની ચૂકવણી પણ દૂધ ઉત્પાદકોને કરી દેવામાં આવી છે.

આજે આ પત્રકાર પરિષદમાં ડેરીના મેને. ડિરેકટરો ઉપસ્થિત રહ્યા હતા. આજે મળેલી બોર્ડ બેઠકમાં ૨૬ જેટલા સભ્યોનું એક માર્ગદર્શક મંડળ બનાવવાનો નિર્ણય કરાયો હતો અને તેના નિયુકત સભ્યોની ઘોષણા પણ કરવામાં આવી હતી. આ માર્ગદર્શક મંડળમાં પાંચ મહિલા ચેરમેનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.